|| ओ३म ||

# મૃત્યુ એક સત્ય

## વેદ આધારિત સંદેશ

સંપાદક - દીપક જયંતીલાલ ઠકકર





પ્રકાશક : **આર્યસમાજ–જામનગર**

**પ્રમુખ** - દીપક જયંતીલાલ ઠકકર

**માનદ્ મંત્રી** - મહેશ ભાણજીભાઈ રામાણી

ખંભાળીયા ગેઈટ, જામનગર - ૩૬૧ ૦૦૫.

ફોન નં. : ૨૬૭૦૬૭૯ - ૨૫૫૦૨૨૦

Web : aryasamajjamnagar.org E-mail : info@aryasamajjamnagar.org

# જામનગર આર્યસમાજના પદાધિકારીઓ



શ્રી દીપકભાઈ જે. ઠકકર
પ્રમુખ



શ્રી કિર્તીબેન એન. ભટ્ટ
ઉપ-પ્રમુખ



શ્રી મહેશભાઈ બી. રામાણી
માનદ્ મંત્રી



શ્રીમતી પૂનમબેન જે. ખન્ના
ઉપ-મંત્રી



શ્રી વિનોદભાઈ એમ. નાંઢા
કોષાધ્યક્ષ



શ્રી દીપકભાઈ બી. નાંઢા
પુસ્તકાધ્યક્ષ

# આર્યસમાજ જામનગરના અંતરંગ સદસ્યો



ડો.ધીરુભાઈ એમ. ભટ્ટ
સદસ્ય



શ્રી નરેન્દ્રભાઈ સી. મહેતા
સદસ્ય



શ્રી જગદીશભાઈ પી. મકવાણા
સદસ્ય



શ્રી અરવીંદભાઈ ડી. મહેતા
સદસ્ય




શ્રી ધીરજલાલ એમ. નાંઢા
સદસ્ય



શ્રી ભરતભાઈ જી. આશાવર
સદસ્ય



શ્રી અરચનભાઈ એન. ભટ્ટ
સદસ્ય



શ્રી સતપાલજી આર્ય
નિમંત્રીત



શ્રીમતી નીમુબેન એમ. રામાણી
નિમંત્રીત

# આર્ય વિદ્યાસભા જામનગરના સદસ્યો



શ્રી સત્યદેવ આર. વલેરા



શ્રી પ્રભુલાલભાઈ ડી. મહેતા



શ્રી વિજયભાઈ પી. ચૌહાણ



શ્રી મનોજભાઈ કે. નાંઢા



શ્રી પ્રફુલાબેન એન. રૂપડીયા
એકસ ઓફીસીયો



શ્રીમતી ભાનુબેન જી. કાલરીયા
એકસ ઓફીસીયો

પ્રત : ૨૦૦૦૦ માર્ચ–૨૦૨૦

તા......................

પ્રતિ,

............................

............................

............................

પરમ સ્નેહીશ્રી/આદરણીયશ્રી,

નમસ્તે

આપના સ્નેહી/સ્વજનશ્રી.......................................... ના દુઃખદ અવસાનના સમાચારથી અમો અને અમારો પરિવાર શોકની લાગણી અનુભવે છે.

આપના સ્વજનની વિદાયથી આપ અને આપના કુટુંબ પર આવી પડેલ દુઃખ સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શકિત અર્પે એજ પ્રાર્થના.

આવાગમન એ સંસારનો, પ્રકૃતિનો સામાન્ય મનુષ્યની પહોંચથી પર એવો સાર્વત્રિક નિયમ છે. ઈશ્વરની ઈચ્છાને આધીન થવું એજ એક માત્ર કર્મ છે. પરંતુ આપના દુઃખને હળવું કરવા માટે આ સાથે થોડા શબ્દોરૂપી મલમ મોકલી રહ્યા છીએ જે આપના શોક સંતપ્ત મનને શાતા આપશે.

ભવદીય

**દીપક જયંતીલાલ ઠક્કર**
પ્રમુખ
આર્યસમાજ - જામનગર

**મહેશ ભાણજીભાઈ રામાણી**
માનદ્‌મંત્રી
આર્યસમાજ - જામનગર

આર્યસમાજ - જામનગરના પદાધિકારીઓ, અંતરંગ સદસ્યો અને શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલય - જામનગર પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ ના આચાર્યાશ્રીઓ, શિક્ષકગણ અને કર્મચારીગણ.

# આર્યસમાજ જામનગર પરિચય

આર્યસમાજ જામનગરની સ્થાપના સ્વામી શ્રધ્ધાનંદની પ્રેરણા થી ૧૮ જાન્યુઆરી ૧૯૨૭ માં પુણ્યશ્લોક શ્રી ગોકળદાસભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવી અને ત્યારબાદ શ્રી કરશનભાઈ ગઢવી અને શ્રી ભાણજી દેવજી આર્યના સહકારથી આગળ કાર્ય ધપાવ્યું.

આર્યસમાજ જામનગર હાલ પ્રમુખ શ્રી દીપકભાઈ જયંતીલાલ ઠક્કર અને માનદ્ મંત્રી શ્રી મહેશભાઈ ભાણજીભાઈ રામાણીના નેતૃત્વ હેઠળ અને હાલના અંતરંગ મંડળના સર્વ સદસ્યોના સહકારથી પ્રગતિના બધા જ સોપાનો સર કરી રહેલ છે. મહર્ષિ દયાનંદ સરસ્વતીએ પ્રબુધ્ધેલા વૈદિક વિચારોનું અનુસંધાન કરવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં આર્ય એટલે કે શ્રેષ્ઠ, સંસ્કારી મનુષ્યનું ઘડતર થાય તે દિશામાં સંસ્થા સદા પ્રયત્નશીલ રહે છે. ''કૃણ્વન્તો વિશ્વમ્ આર્યમ્ '' એ અમારી સંસ્થાનું ધ્યેય સૂત્ર છે.

આર્યસમાજ નીચે મુજબની પ્રવૃતિઓ કરી રહેલ છે.

★ દૈનિક સત્સંગ ★ પારિવારિક સત્સંગ ★ આર્યવીર દળ
★ વાંચનાલય - પુસ્તક - પ્રકાશન - વિક્રય
★ સાર્વજનિક ઔષધાલય
★ આગથી દાઝી ગયેલા વ્યકિતઓ માટે સ્પે. ગાદલા, વિકલાંગો માટે વોકર સેવા
★ માનવરાહત સેવા ★ વેદ પ્રચાર (વેબસાઈટ)
★ આર્ય સાહિત્ય પ્રચાર વિભાગ
★ ઓકિસજન સીલીન્ડર સેવા
★ આર્ય વીરાંગના દળ
★ સ્ત્રી શિક્ષા (શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલય, બાલમંદિર થી ૧૨ ધોરણ સુધી)
★ ૧૬ વૈદિક સંસ્કારનો પ્રચાર-પ્રસાર
★ દયાનંદ કોમ્પ્યુટર કેન્દ્ર ★ રોગ નિદાન કેમ્પોનું આયોજન
★ પર્યાવરણ શુદ્ધિ હેતુ દૈનિક યજ્ઞ
★ વ્યસન મુકિત અભિયાન

## :: मृत्योर्मा अमृतं गमय ::

ઈશ્વરની વ્યવસ્થા અનુસાર આત્માનું શરીરથી મિલન/સંયોગ થાય છે તેને જન્મ કહે છે. પરમાત્માની વ્યવસ્થા અનુસાર આત્માના શરીરથી વિયોગને મૃત્યુ કહેવામાં આવે છે. જ્યારે આપણા સ્વજનનું મૃત્યુ થાય છે ત્યારે આપણે એવું અનુભવીએ છીએ કે જાણે કોઈ સ્વપ્નું વચ્ચેથી તૂટી ગયું હોય !

ગઈકાલ સુધી આપણે જેને અપાર પ્રેમ કરતા હતા, સ્નેહ આપતા હતા, જે શરીરની રક્ષા માટે પાણીની જેમ પૈસો વહેવડાવવા માટે તૈયાર હતા, જે શરીરને જોઈને સ્નેહ અને મમતાના ભાવ આવતા હતા તે શરીરનો સ્વામી જ ચાલ્યો ગયો.

આપણે ગમે તેટલું દુઃખ, શોક હોય પરંતુ આપણે મૃતદેહ નો જલ્દી અંતિમ સંસ્કાર કરવામાં જ હોઈએ છીએ. આ જીવનનું અટલ-અફર સત્ય છે.

પ્રકૃતિનો આ અતૂટ ક્રમ છે જે સદાથી ચાલ્યો આવે છે અને ચાલતો રહેશે.

સવારે ઊગેલો સૂર્ય જેમ ધીરે ધીરે અસ્તાચલ તરફ ચાલ્યો જાય છે તેમ શોક પણ સમયની સાથે ધીરે ધીરે ઓછો થતો જાય છે. મૃત્યુ પ્રતિપળ, પ્રતિક્ષણ ઘટતી ઘટના છે. સમગ્ર સંસાર કે જે આવતીકાલે નાશ પામવાનો છે તે આજે જીવી રહ્યો છે. વર્તમાન જીવન છે ભૂતકાળ મૃત્યુ છે અને ભવિષ્ય જન્મ મરણથી મિશ્રિત આશાઓનું બિંદુ.

**ईशा वास्यमिदँसर्वं यत्किञ्च जगत्यां जगत् ।**
**तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्य स्विद्धनम् ।।**

યજુ ૪૦/૧

વેદોની આ સત્યશિક્ષા છે આ સમજીને આપણે આપણો શોક દૂર કરીએ. આપણને છોડીને જનારને જયાં સુધી આપણે આપણો સમજીએ છીએ ત્યાં સુધી તો શોક છે, જયારે આપણે આ સત્યને જાણી લઈશું કે જનારા આત્મા પર તે જયાં સુધી જીવિત હતો ત્યાં સુધી જ આપણો અધિકાર હતો હવે તે અધિકાર સમાપ્ત થઈ ગયો છે. દુઃખની ક્ષણે જ આપણી કસોટી થાય છે. આથી જ જ્ઞાન અને વિવેકને જાગૃત કરી ધૈર્ય ધારણ કરવું એ જ ધર્મનું પ્રથમ લક્ષણ છે.

વિજ્ઞાન પણ એમ કહે છે કે સૃષ્ટિની કોઈ ચીજ ખતમ થતી નથી તેનો વિનાશ થતો નથી તે ફકત તેનું સ્વરૂપ બદલે છે.

## પરિવર્તન સંસારનો નિયમ છે.

જયારે શરીરનું મૃત્યુ થાય છે તો તેને અગ્નિને હવાલે કરવામાં આવે છે. ત્યારે આપણને એમ લાગે છે કે શરીર ભસ્મ થઈ ગયું, પરંતુ થાય છે એ કે જે પંચમહાભૂતોથી આ શરીર બનેલું છે તે પંચમહાભૂતો પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશમાં તે પુનઃ મળી જાય છે. આ મૃત્યુ ઈશ્વરને આધીન છે.

**यस्य छायाऽमृतं यस्य मृत्युः ।**

યજુ ૨૬/૧૩

ઈશ્વરની છત્રછાયામાં જ અમૃત અને ઈશ્વરને ન માનવો તે જ મૃત્યુ છે, દુઃખનું કારણ છે. પરમેશ્વર જે કંઈ પણ કરે છે તે સર્વેની ભલાઈ માટે જ કરે છે તેના કલ્યાણ માટે કરે છે આથી મૃત્યુથી ડરવું જોઈએ નહી. મૃત્યુ હરેક પ્રકારના થાકને દૂર કરે છે. મૃત્યુ તો આનંદ છે. મનુષ્યના જીંદગીભરના થાકને દૂર કરે છે. મૃત્યુ સર્વે ચિંતાઓને ભસ્મ કરી દે છે.

હરેક જન્મ લેનારનું મૃત્યુ અવશ્ય છે અને હરેક મૃત્યુ પામનારનું જન્મ લેવાનું પણ એટલું જ નિશ્ચિત છે.

ભગવદ્ગીતામાં કહ્યું છે કે,

**जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।**
**तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ।।**

જે ચીજ ઉત્પન્ન થાય છે તેનો નાશ થાય છે જેનો આરંભ છે તેનો અંત પણ સુનિશ્ચિત છે. મૃત્યુ આ સૃષ્ટિનો અટલ નિયમ છે. આ અટલ નિયમ પાસે માથું નમાવવું જ રહ્યું. આથી જ શોક કરવાનું વ્યર્થ છે. પ્રકૃતિના નિયમો ખૂબજ કઠોર પરંતુ સત્ય હોય છે.

**उर्ध्वं गच्छन्ति सत्वस्था मध्ये तिष्ठन्ति राजसाः ।**
**जधन्यगुणवृत्तिस्था अधो गच्छन्ति तामसाः ।।**

શરીર છોડયા બાદ સાત્વિક મનુષ્યની ઉત્તમ ગતિ થાય છે. રાજસી મનુષ્યની મધ્યમ ગતિ થાય છે અને તામસિક મનુષ્યનો નિમ્ન યોનિમાં જન્મ થાય છે.

**धनानि भूमौ पश्वश्च गोष्ठे, भार्या गृहद्वारी सखा स्मशाने ।**
**देहश्चितायां परलोक मार्गे, धर्मानुगो गच्छति जीव एकः ।।**

જયારે મનુષ્યનું મૃત્યુ થાય છે ત્યારે જે ધન માટે તે પૂરી જીંદગી દોડતો રહે છે તે જમીન પર જ રહી જાય છે. પશુઓ અને મિલકતો તેમની તેમજ રહી જાય છે જે પત્ની અગર પતિએ જીવનભર સાથ આપવાનું વચન આપ્યું હોય છે તે ઘરના દ્વાર સુધી જ સાથ આપે છે અને મિત્રો-સ્વજનો સ્મશાન સુધી સાથ આપે છે પરંતુ જે ધર્મ, કર્મ છે તે મનુષ્યને તેના અંત સુધી સાથ આપે છે. એટલા માટે જ ઉપનિષદોના વચનો અનુસાર :-

"બંધનમાં ન પડીને આપણા જીવનને કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, અજ્ઞાન, અવિદ્યા, રાગ, દ્વેષથી મુકત કરીને પરમ કૃપાળુ પરમાત્માના નામનું સ્મરણ કરતાં શુભ કર્મોમાં પ્રવૃત થઈ જવું તે જ જીવન મુકિતનો શ્રેષ્ઠ માર્ગ છે."

આજકાલ આપણે જોઈશું તો અવિદ્યાના અંધકારના કારણે શ્રાદ્ધના મૂળ સ્વરૂપને ભૂલી જઈને તેમજ માતાપિતાના મૃત્યુ બાદ એમને પાણી પીવડાવીને તેમજ પીંડનું દાન કરી તેમજ બ્રાહ્મણોને જમાડીને શ્રાદ્ધ કરે છે. લગભગ જોવા મળે છે કે મોટા ભાગના લોકો દેવતા સમાન જીવતા માતા-પિતાની સેવા કરતા નથી અને મરી ગયા પછી એમના હાડકાં (અસ્થિઓ) ને ગંગાજીમાં પધરાવે એને ''તર્પણ'' અથવા ''શ્રાદ્ધ'' માને છે. આને અનુલક્ષીને કોઈ કવિએ ખરું જ કહ્યું છે કે,

**જિયત માતા-પિતા સે દંગમ દંગા ।**

**મરે માતા-પિતા પહુંચાયે ગંગા ।।**

આપણી સંસ્કૃતિ ઋષિ સંસ્કૃતિથી રંગાયેલી છે કે જે સંસ્કૃતિમાં સંતાનો પોતાના ઘરડા માતા-પિતા ની સેવા કરતા જોવા મળે છે. પરંતુ આજે સમાજ, રાષ્ટ્ર, દેશોમાં વિપરીત પરિસ્થિતિ જોવા મળે છે. આજે આપણી સંસ્કૃતિ પાશ્ચાત્ય દેશને વરી ચૂકી છે. પરંતુ આજે મનુષ્યમાત્રમાં ''હું'' અને ''મારાપણા'' ની ભાવના ખૂબ ફૂલીફાલી છે. આજે જે વૃદ્ધાવસ્થાથી પીડાઈ રહ્યા છે. તેમાં પોતે

પણ થોડા દિવસો બાદ પ્રવેશવાના છે.

માતા-પિતાને આપણે આપણી સંસ્કૃતિમાં ઈશ્વરતુલ્ય ગણ્યા છે. ઈશ્વર પ્રતિ આપણે ઈમાનદારી રાખવી જોઈએ જેના થકી આ શરીર મળ્યું છે, મન મળ્યું છે એવા માતા પિતા સાથે ઈમાનદાર બનીએ તો પુંડરીકની જેમ ''માતાપિતાની સેવા કરતા હોઈએ ત્યારે ઈશ્વર પણ આવે તો તેને ઉભા રહી જાઓ એમ કહી દે''. વેદો, ઈતિહાસ, સંસ્કૃતિ ને ભૂલી શકાતી નથી. તો પોતાના માતા પિતા ની સાથે બેઈમાની કેમ કરી શકાય ?''

આમ, એકંદરે સંસારની અંદર સિકંદરની સફળતા કરતા સોક્રેટીસની નિષ્ફળતા વધુ જોવા મળે છે.

જે ક્રિયા કરવાથી સત્યને ગ્રહણ કરી શકાય એને ''શ્રદ્ધા''અને જે શ્રદ્ધાથી કામ કરવામાં આવે તેને ''શ્રાદ્ધ'' કહે છે. અને તર્પયન્તી તત્તર્પણમ્ એટલે કે જે કર્મ કરવાથી જીવિત માતાપિતા વગેરે પિતૃઓ પ્રસન્ન થાય અને પ્રસન્ન કરવામાં આવે એનું નામ ''તર્પણ'' છે. મહર્ષિ દયાનંદ સરસ્વતીજીની આ શિક્ષા જો આપણે પોતાના જીવનમાં, આચાર-વિચાર તેમજ વ્યવહારમાં લાવીશું તો આપણા બધાનું જીવન સુખી થઈ જશે.

આ પહેલા પણ આપણે જાણ્યું છે કે મૃતકો-મરેલાઓનું

શ્રાદ્ધ ફક્ત અનુચિત જ નહિ પણ અસંભવ પણ છે. આપણી પાસે એવું કોઈ સાધન નથી કે જેથી કરીને ઘણી મહેનત કરવાથી પણ તે જીવને કે જે પોતાની જીવિત અવસ્થામાં અમારા માતા-પિતા કહેવાતા હતા તેમને કંઈપણ ખાવાનું પહોંચાડી શકીએ. મૃત્યુ પછી પ્રાણીની બે દશા થાય છે. કાં તો તે મોક્ષ પામ્યો હોય અથવા તો જન્મ મરણ ના ચક્કર માં હોય. જો મોક્ષ પામ્યો હોય તો તેવા જીવોને ખાવા પીવા કે તર્પણ સાથે સંબંધ રહેતો નથી. તે તો પરમગતિ ને પામી ગયા છે. પ્રાકૃતિક પદાર્થો સાથે તેમનો કોઈપણ જાત નો સંબંધ રહેતો નથી. જો તેઓ જન્મ મરણના ચક્કર માં છે અને પશુ, પક્ષી કે મનુષ્ય યોનિમાં છે, તો તેમના સુધી આપણે તેમના શરીર મારફત જ પહોંચી શકીએ છીએ ફક્ત નદીમાં પાણી રેડવાથી કે બ્રાહ્મણોને જમાડવાથી કે કાગડાઓને ખવડાવવાથી તેમના સુધી કાંઈ પહોંચાડી શકાતું નથી. તેથી આ બધી વાતો વ્યર્થ અને ખોટી છે.

સાચું કહું તો મૃતક શ્રાદ્ધ કરવું એ વૈદિક સિદ્ધાંત નથી. મૃતક શ્રાદ્ધ કરવું એ લોકો ખ્રિસ્તી કે મુસલમાનો પાસેથી શીખ્યા છે. ખ્રિસ્તી કે મુસલમાનો પુર્નજન્મને માનતા નથી. ઈજીપ્ત દેશોના માણસોને ખબર ન હતી કે મૃત્યુ પછી જીવનનું શું થાય છે ? કેટલાક

લોકો સમજે છે કે કયામતના દિવસે મૃત શરીરો ઉભા થશે. આત્માના તત્વને ન સમજવાથી અને પુર્નજન્મ માનવા ને લીધે આ જાતનું અજ્ઞાન છે. જો ખ્રિસ્તી કે મુસલમાનો મૃતક શ્રાદ્ધ કરે તો આપણને નવાઈ ન લાગે કારણ કે તેમને પુર્નજન્મ અને કર્મના સિધ્ધાંતની ખબર નથી. પરંતુ ઘણી જ નવાઈ તેમજ આશ્ચર્યની વાત તો એ છે કે વૈદિક ધર્મને માનનારા હિંદુઓ કે જેમને પુર્નજન્મ અને કર્મના સિદ્ધાંતની ખબર છે, તે પણ આવા ભ્રમથી ભરેલા કાર્યો કરે છે.

જીવતા માતા-પિતા વિગેરે ની સેવા કરવી તે ખરો પિતૃયજ્ઞ છે. તે લોકો હવે ઘરડાં થયા છે. તેમનામાં કમાવવાની શકિત નથી તેમણે આપણા ઉપર ઘણા ઉપકારો કર્યા છે. પાળી પોષીને મોટા કર્યા છે. આપણા ઉપર તેમનું ઋણ છે, જેને પિતૃઋણ કહેવામાં આવે છે. પિતૃઋણ ચુકવવાનો એક માત્ર ઉપાય પિતૃયજ્ઞ જ છે. જીવનમાં માતા પિતા વગેરે વડીલોની સેવાથી આપણે તેમના પ્રત્યેનું આપણું ઋણ ચૂકવી શકીશું આપણું કલ્યાણ થશે.

**त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्धनम् ।**
**उर्वारुकमिव बन्धनान्मृत्योर्मुक्षीय माऽमृतात् ।**
**त्र्यम्बकं यजामहे सुगन्धिं पतिवेदनम् ।**
**उर्वारुकमिव बन्धनादितो मुक्षीय मामुतः ।। ६० ।।**

પદાર્થ : અમે **सुगन्धिं** શુદ્ધ ગંધયુકત **पुष्टिवर्धनम्** શરીર આત્મા અને સમાજના બળની વૃદ્ધિ કરનાર, **त्र्यम्बकं** રુદ્રરૂપ જગદીશ્વર છે તેની **यजामहे** નિરંતર સ્તુતિ કરીએ.

તેની કૃપાથી **उर्वारुकमिव** જેમ એક જાતની કાકડી પાકીને **बन्धनात्** વેલાથી છૂટી પડીને અમૃતતુલ્ય બને છે, તેમ અમે પણ **मृत्योः** પ્રાણ અને શરીરના વિયોગથી **मुक्षीय** છૂટી જઈએ છીએ અને **अमृतात्** મોક્ષરૂપ સુખથી **मा** કદી પણ શ્રદ્ધારહિત ન બનીએ.

અમે **सुगन्धिम्** શ્રેષ્ઠ ગંધયુકત **पतिवेदनम्** રક્ષણ કરનાર સ્વામીને આપનાર **त्र्यम्बकम्** સર્વના અધ્યક્ષ જગદીશ્વરનું **यजामहे** નિરંતર સત્કારપૂર્વક ધ્યાન ધરીએ.

એના અનુગ્રહથી **उर्वारुकमिव** જેમ કાકડી પાકીને **बन्धनात्** વેલાથી છૂટી પડી અમૃત સમાન મીઠી બને છે, તેમ અમે પણ **इतः** આ શરીરથી **मुक्षीय** છૂટી જઈ **अमृतः** મોક્ષ તથા અન્ય જન્મનાં સુખ અને સત્યધર્મનાં ફળથી **मा** પૃથક્ ન બનીએ.

ભાવાર્થ : મનુષ્ય ઈશ્વરને છોડીને કોઈ અન્યની પૂજા ન કરે, કારણકે વેદમાં તેનું વિધાન ન હોવાથી દુઃખરૂપી ફળદાયક છે. જેમ કાકડી ફળ વેલામાં લાગેલ હોય તે સ્વયં પાકીને સમય થતાં વેલાના બંધનથી છૂટીને ઉત્તમ સ્વાદયુકત બને છે, તેમ અમે પૂર્ણ આયુ ભોગવીને શરીરનો ત્યાગ કરીને મુકિતને પ્રાપ્ત કરીએ.

અમે કદી પણ મોક્ષપ્રાપ્તિનાં કર્મોથી, પરલોકથી અથવા પરજન્મથી વિરકત-ઉદાસ ન બનીએ. અમે કદીપણ નાસ્તિકતાનો આશ્રય લઈને ઈશ્વરનો અનાદર ન કરીએ.

જેમ લોકો સાંસારિક સુખ માટે અન્ન, જળ વગેરે પ્રાપ્ત કરવા ઈચ્છે છે, તેમ જ અમે ઈશ્વર, વેદ, વેદોકત ધર્મ અને મુકિતમાં નિત્ય શ્રદ્ધા રાખીએ.

વૈદિક સંસ્કૃતિમાં માનવ નિર્માણની યોજનાને સફળ બનાવવાની પધ્ધતિને 'સંસ્કાર' કહેવામાં આવે છે. જે ક્રિયાથી શરીર, મન અને આત્મા ઉત્તમ બને તે 'સંસ્કાર'. વૈદિક પરંપરામાં ગર્ભાધાનથી અન્ત્યેષ્ટિ પર્યંત્ ૧૬ સંસ્કારો છે. માનવમાત્રનો આત્મા ઉન્નતિના પથનો પથિક છે. જો યોગ્ય વાતાવરણ મળે અને પ્રયત્ન કરવામાં આવે તો મનુષ્ય ઉન્નતિના શિખરે પહોંચી શકે છે. મનુષ્યમાં રહેલા દુર્ગુણો દૂર કરીને તેમાં સદ્‌ગુણોનું રોપણ કરવાનું કાર્ય આ સંસ્કારો દ્વારા થાય છે. આર્યસમાજ જામનગર દ્વારા આવાં સંસ્કારોને વૈદિક વિધિપૂર્વક અને સૌ સહજતાથી કરાવી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ સંસ્કારો આપ આર્યસમાજ મંદિરમાં આપના નિવાસ સ્થાને, કે અનુકૂળ જગ્યાએ કરાવી શકો છો.

દરેક સંસ્કાર કરાવવા માટેના નિયમો અને જરૂરી સામગ્રીની વિગત નીચે પ્રમાણે છે.

## ૧, ગર્ભાધાન સંસ્કાર :-

સમય-અવધિ :- વિધિવત લગ્ન કર્યા પછી
પ્રયોજન-ફળ :- સંસ્કારી, ધાર્મિક સંતાન મેળવવા માટે
જરૂરી સામગ્રી :- સામાન્ય યજ્ઞની વસ્તુઓ તથા ભાત, કાંસા અથવા ચાંદીની વાટકી, દૂધ, સાકર, મોહનભોગ

## ૨, પુંસવન સંસ્કાર :-

સમય-અવધિ :- ગર્ભાધાન પછી બીજા અથવા ત્રીજા માસમાં.
પ્રયોજન-ફળ :- ગર્ભસ્થ બાળકનો શારીરિક વિકાસ.
જરૂરી સામગ્રી :- સામાન્ય યજ્ઞની વસ્તુઓ તથા ભાત, વડની કુમળી કૂંપળો, ગળો, બ્રાહ્મી, દૂધ.

## ૩, સીમન્તોનયન સંસ્કાર :-

સમય-અવધિ :- ગર્ભાધાનથી ચોથા, છઠ્ઠા અથવા આઠમાં મહિને શુકલ પક્ષમાં. પ્રયોજન-ફળ :-ગર્ભરક્ષા, શિશુનો માનસિક વિકાસ
જરૂરી સામગ્રી :- સામાન્ય યજ્ઞની વસ્તુઓ તથા ચોખા, તલ અને મગ સમાન ભાગે લઈ બનાવેલી ખીચડી, ભાત

## ૪, જાતકર્મ સંસ્કાર :-

સમય-અવધિ :- બાળકના જન્મ વખતે પ્રયોજન-ફળ :- નવજાત શિશુની માવજત, નિરીક્ષણ, પરીક્ષણ.
જરૂરી સામગ્રી :- સામાન્ય યજ્ઞની વસ્તુઓ તથા મધ, સોનાની સળી, ચોખા, જવ, ભાત, સરસવ.

**૫, નામકરણ સંસ્કાર :-**
સમય-અવધિ :- બાળકના જન્મના ૧૧માં, ૧૦૧માં દિવસે કે ૧ વર્ષ પછી. પ્રયોજન-ફળ :-સુંદર, સાર્થક, પ્રેરણાદાયક નામ પાડવા.

**૬, નિષ્ક્રમણ સંસ્કાર :-**
સમય-અવધિ :- જન્મના ૨ થી ૩ માસ પછી શુકલ પક્ષમાં
પ્રયોજન-ફળ :- શારીરિક માનસિક વિકાસ માટે શુધ્ધ હવામાં ભ્રમણનો આરંભ જરૂરી સામગ્રી :-સામાન્ય યજ્ઞની વસ્તુઓ

**૭, અન્નપ્રાશન સંસ્કાર :-**
સમય-અવધિ :- જન્મના છઠ્ઠા માસમાં અથવા દાંત આવવા લાગે ત્યારે.
પ્રયોજન-ફળ :- પાચન શકિતને ધ્યાનમાં રાખીને શરીર મન આદિને સ્વસ્થ, દઢ બનાવવા માટે.
જરૂરી સામગ્રી :- સામાન્ય યજ્ઞની વસ્તુઓ તથા ભાત, દહીં, મધ

**૮, ચૂડાકર્મ સંસ્કાર :-**
સમય-અવધિ :- બાળકના જન્મના ૧લા અથવા ૩જા વર્ષમાં.
પ્રયોજન-ફળ :- મલિન વાળ દૂર કરી નવા સ્વસ્થ વાળ સરળતાથી આવવા દેવા માટે.
જરૂરી સામગ્રી :- સામાન્ય યજ્ઞની વસ્તુઓ તથા ચાર કોડિયા, એકમાં ચોખા, બીજામાં જવ, ત્રીજામાં અડદ અને ચોથામાં તલ ભરી વેદીની ઉત્તર દિશામાં મૂકવા, ઠંડુ-ગરમ પાણી, માખણ અથવા દહીંની મલાઈ, કાંકી, દર્ભ (દાભડો), ખીજડાના પાન, (વાણંદને હાજર રાખવો)

**૯, કર્ણવેધ સંસ્કાર :-**
સમય-અવધિ :- જન્મના ત્રીજા કે પાંચમાં વર્ષમાં.
પ્રયોજન-ફળ :- બાળકનું રક્ષણ, કાનમાં ઘરેણાં પહેરાવવા.
જરૂરી સામગ્રી :- સામાન્ય યજ્ઞની વસ્તુઓ તથા કાન વિંધવાના જાણકારની હાજરી

**૧૦, ઉપનયન સંસ્કાર :-**
સમય-અવધિ :- બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય પરિવારમાં જન્મેલ બાળકનો અનુક્રમે ૮માં, ૧૧માં, ૧૨માં વર્ષે.
પ્રયોજન-ફળ :- આચાર્ય પાસે ગુરૂકુળમાં ભણવા જવા માટે, બુધ્ધિની વૃધ્ધિ માટે.

જરૂરી સામગ્રી :- સામાન્ય યજ્ઞની વસ્તુઓ તથા લાઠી, સફેદ ધોતી, જનોઈ, મેખલાં.

### ૧૧, વેદારંભ સંસ્કાર :-

સમય-અવધિ :- યજ્ઞોપવિત (જનોઈ) ધારણ કર્યા પછી
પ્રયોજન-ફળ :- વેદ, વેદાંગ, ઉપાંગ, ઉપવેદ વગેરેનું અધ્યયન કરવા માટે.
જરૂરી સામગ્રી :- સામાન્ય યજ્ઞની વસ્તુઓ તથા મેખલા (મુંજ, દર્ભ, ઊન કે શણની) બે કોપીન, બે રૂમાલ, એક ઉપવસ્ત્ર, બે કટિવસ્ત્ર, દંડ (લાઠી), આસન, પાણીનો મોટો લોટો, પ્યાલો, આચમની, ભાત.

### ૧૨, સમાવર્તન સંસ્કાર :-

સમય-અવધિ :- વિદ્યાઅધ્યયન પૂર્ણ થયા પછી.
પ્રયોજન-ફળ :- વિવાહ માટે સામાજિક જીવન માટે ઘર તરફ પ્રયાણ કરવા માટે.
જરૂરી સામગ્રી :- સામાન્ય યજ્ઞની વસ્તુઓ તથા પાણીના ઘડા-૪, ધોતીયુ, પીતાંબર, ચંદન, ઉપવસ્ત્ર, માળા (ફૂલની), પાઘડી-ફેંટો કે ટોપી, લાઠી.

### ૧૩, વિવાહ સંસ્કાર :-

સમય-અવધિ :- વર્તમાન સરકારી નિયમ મુજબ કન્યા ૧૮ વર્ષ અને પુરૂષ ૨૧ વર્ષ પૂરા કરેલ હોવા જોઈએ.
પ્રયોજન-ફળ :- સંતાનોત્પત્તિ, વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે ઉત્તમ કાર્ય કરવા માટે.
જરૂરી સામગ્રી :- સામાન્ય યજ્ઞની વસ્તુઓ તથા મધ, દહીં, ઘી, ઉપવસ્ત્ર (કેશરી/સફેદ), ૨ા મીટર, મીઠાઈ, પથ્થર, ફૂલહાર, છૂટાફૂલ, આસોપાલવના પાન, મમરા, ભાત, શ્રીફળ-૪, ચંદન અથવા કંકુ, ચોખા, જરૂરી દસ્તાવેજી પુરાવા.

### ૧૪, વાનપ્રસ્થ સંસ્કાર :-

સમય-અવધિ :- લગભગ ૫૦ વર્ષ પછી અથવા પુત્રને ત્યાં પુત્રની પ્રાપ્તિથાય - પારિવારિક જવાબદારીમાંથી મુકત થાય ત્યારે.
પ્રયોજન-ફળ :- ગૃહત્યાગ કરી તપસ્યા હેતુ વનપ્રવેશ.
જરૂરી સામગ્રી :- સામાન્ય યજ્ઞની વસ્તુઓ તથા ભાત, મીઠાઈ.

## ૧૫, સંન્યાસ સંસ્કાર :-

સમય-અવધિ :- મોહાદિ આવરણ અને પક્ષપાત રહિત થઇ વિરકત-વૈરાગ્યભાવ જાગે ત્યારે.
પ્રયોજન-ફળ :- સંસારને પોતાનો પરિવારમાની નિષ્કામ ભાવે સંસારનું-જગતનું કલ્યાણ કરવું.
જરૂરી સામગ્રી :- સામાન્ય યજ્ઞની વસ્તુઓ તથા ભાત, મીઠાઇ, મધ, દહીં, ઘી, ભગવા વસ્ત્રો, (કોપીન, કટિવસ્ત્રો), દંડ.

## ૧૬, અન્ત્યેષ્ઠિ સંસ્કાર :-

સમય-અવધિ :- મરણ-શરીરાંત પછી.
પ્રયોજન-ફળ :- જગતને દુ:ખદાયક ન બને તેવી રીતે મૃતક (શબ) નો અગ્નિદાહ.
જરૂરી સામગ્રી :- દીવો, કપૂર, ઘી, સામગ્રી, ચંદન, કસ્તૂરી, કેસર, અગર-તગર વગેરે સુગંધી દ્રવ્યો.

## સામાન્ય યજ્ઞ (દેવયજ્ઞ) માટે જરૂરી સામગ્રી

સમય :- સૂર્યોદય પછી અને સૂર્યોદય પહેલાં     અવધિ : આશરે દોઢ કલાક
જરૂરી સામગ્રી :- યજ્ઞકુંડ, આચમનપાત્ર, કળશ, દીપક, સમિધા, કપૂર, ગાયનું શુધ્ધ ઘી (૫૦૦ગ્રામ), સામગ્રી, શ્રીફળ નંગ-૪, લોટા નંગ ૫, ફૂલ, આસોપાલવ, રૂની ફૂલવાટ, ધોતી, માચીસ, ઉપવસ્ત્ર, ચોખા, જનોઈ જોટા નંગ ૩, ચંદન અથવા કંકુ, ચોખા, પ્રસાદ

## શાલાકર્મ (વાસ્તુ સંસ્કાર)

સમય :- પ્રાતઃકાળ     અવધિ : મકાન બાંધકામ પૂર્ણ થયા પછી.
જરૂરી સામગ્રી :- સામાન્ય યજ્ઞની વસ્તુઓ તથા ઓમ્ ધ્વજ નંગ ૫, મધ, દહીં, ગૌમૂત્ર, ગોબર, ઘી (૫૦૦ ગ્રામ), દર્ભ (દાભડો), સામગ્રી, આસન, આસોપાલવ, ફૂલહાર, છૂટાફૂલ, શ્રીફળ નંગ ૪, લોટા નંગ ૫, દીપક, ઉપવસ્ત્ર, માચીસ, રૂની ફૂલવાટ, ધોતી જનોઈ જોટા નંગ ૩, ચંદન અથવા કંકુ, ચોખા, પ્રસાદ.

**પ્રમુખ : દીપક જયંતિલાલ ઠકકર     માનદ્ મંત્રી : મહેશ ભાણજીભાઈ રામાણી**

**સંસ્કાર કરાવવા માટે સંપર્ક**

# આર્યસમાજ - જામનગર

ખંભાળીયા ગેઈટ, જામનગર - ૩૬૧ ૦૦૫. ફોન નં. ૨૬૭૦૬૭૯ - ૨૫૫૦૨૨૦
Web : aryasamajjamnagar.org     E-mail : info@aryasamajjamnagar.org
Mo. 94275 72091

ओं भवतन्नः समनसौ सचेतसावरेपसौ । मा यज्ञ ँ हि ँ सिष्टं मा यज्ञपतिं जातवेदसौ शिवौ भवतमद्य नः स्वाहा ।। इदं जातवेदोभ्याम् – इदन्न मम ।।८।।

–ऋ० ५।३

त्र्यंम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्धनम् । ऊर्वारूकमिव बन्धनान्मृत्योर्मुक्षीय माऽमृतात् । त्र्यंम्बकं सुगन्धिं पतिवेदनम् । ऊर्वारूकमिव बन्धनादितो मुक्षीय मामुत ः ।।६०।।

પદાર્થ : અમે सुगन्धिम् - શુદ્ધ ગંધયુકત पुष्टिवर्धनम् - શરીર આત્મા અને સમાજના બળની વૃદ્ધિ કરનાર, त्र्यंम्बकम् - રુદ્રરૂપ જગદીશ્વર છે તેની यजामहे - નિરંતર સ્તુતિ કરીએ.

તેની કૃપાથી ऊर्वारूकमिव - જેમ એક જાતની કાકડી પાકીને बन्धनात् - વેલાથી છૂટી પડીને અમૃતતુલ્ય બને છે, તેમ અમે પણ मृत्योः - પ્રાણ અને શરીરના વિયોગથી मुक्षीय - છૂટી જઈએ અને अमृतात् - મોક્ષરૂપ સુખથી मा - કદી પણ શ્રદ્ધારહિત ન બનીએ.

અમે सुगन्धिम् - શ્રેષ્ઠ ગંધયુકત पतिवेदनम् - રક્ષણ કરનાર સ્વામીને આપનાર त्र्यंम्बकम् - સર્વના અધ્યક્ષ જગદીશ્વરનું यजामहे - નિરંતર સત્કારપૂર્વક ધ્યાન ધરીએ.

એના અનુગ્રહથી ऊर्वारूकमिव - જેમ કાકડી પાકીને बन्धनात् - વેલાથી છૂટી પડી અમૃત સમાન મીઠી બને છે, તેમ અમે પણ इतः - આ શરીરથી मुक्षीयः છૂટી જઈ अमृत - મોક્ષ તા અન્ય જન્મનાં સુખ અને સત્યધર્મના ફળી मा - પૃથક્ ન બનીએ (૬૦)

## प्रार्थना गान - १

पूजनीय प्रभो हमारे भाव उज्ज्वल कीजिये ।
छोड़ देवें छल-कपट को मानसिक बल दीजिये ।।

वेद की बोलें ऋचाएँ सत्य को धारण करें ।
हर्ष में हों मग्न सारे शोक - सागर से तरें ।।

अश्वमेधादिक रचाएँ विश्व के उपकार को ।
धर्म - मर्यादा चलाकर लाभ दें संसार को ।।

नित्य श्रद्धा - भक्ति से यज्ञादि हम करतें रहें ।
रोग - पीडित विश्व के सन्ताप सब हरते रहें ।।

भावना मिट जाए मन से पाप - अत्याचार की ।
कामनाएँ पूर्ण होवें यज्ञ से नर-नारि की ।।

लाभकारी हों हवन हर जीवधारी के लिए ।
वायु जल सर्वत्र हों शुभ गन्ध को धारण किये ।।

स्वार्थ -भाव मिटे हमारा प्रेमपथ विस्तार हो ।
'इदन्न मम' का सार्थक प्रथ्येक में व्यवहार हों ।।

प्रेम रस में तृप्त होकर वन्दना हम कर रहे ।
'नाथ' करूणारूप करूणा आपकी सबपर रहे ।।

## प्रार्थना गान – २

सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःख भाग्भवेत् ।।

हे ईश सब सुखी हों कोई न हों दुःखारी ।
सब हों नीरोग भगवन् धनधान्य के भण्डारी ।।
सब भद्र भाव देखें, सन्मार्ग के पथिक हों ।
दुःखिया न कोई होवेसृष्टि में प्राणधारी ।।

## प्रार्थना गान – ३

ओ३म । भूभुर्वः स्वः । तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य
धीमही धियो यो नः प्रचोदयात् ।। यजुः० ३६।३

भावार्थ : प्राणप्रदाता संकट त्राता ।
हे सुखदाता ओम् ओम् ।।
सविता माता पिता वरेण्यम् ।
भगवन भ्राता ओम् ओम् ।।
तेरा शुद्ध स्वरूप करे हम ।
धारण दाता ओम् ओम् ।।
प्रेरित प्रज्ञा कर सुकर्म में,
विश्व विधाता ओम् ओम् ।।

# प्रार्थना

हे सर्वाधार, सर्वान्तर्यामिन् परमेश्वर ! आप अनन्तकाल से अपने उपकारों की वर्षा किये जाते हो । प्राणिमात्र की सम्पूर्ण कामनाओं को आप ही प्रतिक्षण पूर्ण करते हो। हमारे लिए नो कुछ शुभ है तथा हितकर है उसे आप बिना माँगे स्वयं हमारी झोली मे डालते जाते हो, आपके आँचल में अविचल शानित तथा आनन्द का वास है । आपकी चरण-शरण की शीतल छाया में परम तृप्ति है, शाश्वत सुख की उपलब्धि है तथा सब अभिलषित पदार्थो की प्राप्ति है।

हे जगत्पिता परमेश्वर! हममें सच्ची श्रद्धा तथा विश्वास हो। हम आपकी अमृतमयी गोद में बैठने के अधिकारी बनें। अन्तःकरण को मलिन बनानेवाली स्वार्थ तथा संकीर्णता की सब क्षुद्र भावनाओं से हम ऊँचे उठें । काम, क्रोध, लोभ, मोह, ईर्ष्या, द्वेष इत्यादि कुटिल भावनाओं तथा सब मलिन वासनाओं को हम दूर करें। अपने हृदय की आसुरी प्रवृत्तियों के साथ युद्ध में विजय पाने के लिए ह। प्रभो! हम आपको पुकारते हैं और आपका ही आँचल पकङते हैं।

हे परम पावन प्रभो! हममें सात्त्विक वृत्तियाँ जागृत हो। क्षमा, सरलता, स्थिरता, निर्भयता, अहंकार - शून्यता इत्यादि शुभ भावनाएँ हमारी सम्पत्ती हों, हमारा शरीर स्वस्थ तथा परिपुष्ट हो, मन सूक्ष्म तथा उन्नत हो, आत्मा पवित्र तथा सुन्दर हो । आपके संस्पर्श से हमारी सारी शक्तियाँ विकसित हों । हृदय दया तथा सहानुभूति से भरा हो। हमारी वाणी में मीठास हो तथा द्दष्टि में प्यार हो। विद्याऔर ज्ञान से हम परिपूर्ण हो। हमारा व्यक्तित्व महान तथा विशाल हो।

हे प्रभो ! अपने आशीर्वादों की वर्षा करो । दीनादि दीनों के मध्य में विचरने वाले आपके इस चरणारविन्दो में यह हमारा जीवन अर्पित है, इसे अपनी सेवा में लेकर हमें कृतार्थ करो।

ओ३म शान्तिः ! शान्तिः ! शान्तिः !

॥ ओ३म् ॥

# આર્યસમાજના નિયમ અને ઉદ્દેશ્ય

(૧) બધી સત્યવિદ્યા અને જે પદાર્થ વિદ્યાથી જાણી શકાય છે એનું આદિ મૂળ પરમેશ્વર છે.

(૨) ઈશ્વર સચ્ચિદાનંદ સ્વરૂપ, નિરાકાર, સર્વશક્તિમાન, ન્યાયકારી, દયાળુ, અજન્મા, અનન્ત, નિર્વિકાર, અનાદિ, અનુપમ, સર્વાધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર અને સૃષ્ટિકર્તા છે. એની જ ઉપાસના કરવી યોગ્ય છે.

(૩) વેદ બધી વિદ્યાઓનું પુસ્તક છે. વેદને ભણવો-ભણાવવો અને સાંભળવો-સંભળાવવો એ બધા આર્યોનો પરમ ધર્મ છે.

(૪) સત્યને ગ્રહણ કરવા અને અસત્યને છોડવા સદા તત્પર રહેવું જોઈએ.

(૫) બધા કાર્યો ધર્માનુસાર અને સત્ય અને અસત્યનો વિચાર કરીને કરવા જોઈએ.

(૬) સંસાર પર ઉપકાર કરવો એ આ સમાજનો મુખ્ય ઉદ્દેશ્ય છે અર્થાત્ શારીરિક, આત્મિક અને સામાજિક ઉન્નતિ કરવી.

(૭) બધાની સાથે પ્રીતિપૂર્વક, ધર્માનુસાર અને યથાયોગ્ય વર્તન કરવું જોઈએ.

(૮) અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઈએ.

(૯) પ્રત્યેકે પોતાની ઉન્નતિમાં સંતુષ્ટ ન રહેવું જોઈએ પરંતુ બધાની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઈએ.

(૧૦) બધા મનુષ્યોએ સામાજિક સર્વ હિતકારી નિયમ પાળવામાં પરતંત્ર રહેવું જોઈએ અને પ્રત્યેક હિતકારી નિયમમાં સ્વતંત્ર રહેવું જોઈએ.